કચેરી માટે મકાન ભાડે રાખવા
અંગે કરવામાં આવતી દરખાસ્તો
સાથે રજૂ કરવાનું ચેકલીસ્ટ નિયત
કરવા બાબત

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ
ક્રમાંક:મકન/૧૩૨૦૧૪/૮૩૩૩૦૨/ર(૧)
તારીખ:૨૮/૧૧/૨૦૧૪

પરિપત્ર :-

નાણાકીય સત્તા(સોંપણી) નિયમો-૧૯૯૮ના પ્રકરણ-૪ મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો હેઠળની સત્તાઓ – વિભાગ-૧ આકસ્મિક ખર્ચ કરવાની સત્તાઓ નિયમ-૩૬(૧૯) ની જોગવાઇ મુજબ વિભાગના નિયંત્રણ હેઠળની કચેરી માટે ખાનગી મકાન ભાડે રાખવા મકાન ભાડુ રૂ.૧૦,૦૦૦/-થી વધતુ હોય તો શરતોને આધિન મંજૂરી આપવા વહીવટી વિભાગ સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવતી હોય છે.

૨. અનુભવે જણાયુ છે કે વિભાગને રજૂ કરવામાં આવતી આ પ્રકારની દરખાસ્તોમાં કેટલીકવાર ખાતાના વડાની કચેરી દ્વારા કાળજીપૂર્વક અને યોગ્ય ચકાસણી કરવામાં નહીં આવતી હોવાથી અધુરી અને અપુરતી માહિતીવાળી દરખાસ્ત પરત્વે યોગ્ય નિર્ણય લેવામાં વિલંબ થાય છે. આ પરિસ્થિતિ નિવારવા માટે કચેરી માટે ભાડે રાખવામાં આવતા મકાનની મંજૂરી અંગેની દરખાસ્ત માટે ચેકલિસ્ટ નિયત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

૩. કાળજીપૂર્વકની વિચારણાને અંતે આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ ચેકલિસ્ટ નિયત કરવામાં આવે છે. આથી હવે પછી રોજગાર અને તાલીમ નિયામકની કચેરી દ્વારા ઔદ્યોગિક તાલીમ સંસ્થા/કૌશલ્ય વર્ધન કેન્દ્ર માટે ખાનગી મકાન ભાડે રાખવા મંજૂરી આપવાની દરખાસ્ત જ્યારે વિભાગને રજૂ કરવામાં આવે ત્યારે રોજગાર અને તાલીમ નિયામકની કચેરીએ નિયત ચેકલિસ્ટની વિગતો સંપુર્ણ ભર્યા પછી, સાધનિક દસ્તાવેજો સામેલ રાખી, સંબંધિત સંસ્થાના વડાએ તથા સંબંધિત પ્રાદેશિક કચેરીના નાયબ નિયામકશ્રીએ ચેકલિસ્ટમાં નિયત કરેલ પ્રમાણપત્ર આપવાનું રહેશે. અધુરી વિગતો/અપુરતી માહિતી વાળી દરખાસ્ત અસલમાં પરત કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આર.એચ.વસાવા)
નાયબ સચિવ
શ્રમ અને રોજગાર વિભાગ

બિડાણ: ચેકલિસ્ટ

પ્રતિ,

૧. નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
 - તાબાની તમામ કચેરીઓને પરિપત્રિત કરવા સારુ

૨. શાખા સીલેકટ ફાઇલ

૩. ના.સે.અ.સીલેકટ ફાઇલ.

શેરાક્રમાંકઃસીટીએસ/બાંધકામ/૨૦૧૪/૯૯૯૨
રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,
બ્લૉક નં. ૧, ત્રીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તાઃ-૦૨/૧૨/૨૦૧૪

<u>નકલ સાદર રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારુઃ-</u>

નાયબ નિયામકશ્રી(તાલીમ),પ્રાદેશિક કચેરી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ તરફ

પરિપત્રની સુચનાઓ તેમજ તેની સાથેના નિયત ચેકલીસ્ટ, સંસ્થાના વડા અને નિયંત્રણ અધિકારીએ રજુ કરવાના પમાણપત્ર સહ ખાનગી મકાન ભાડે રાખવા અંગેની દરખાસ્ત ભાડા મંજુરી માટે અત્રે રજુ કરવા આપના તાબા હસ્તકની સંસ્થાઓના વડાઓને સુચન થવા વિનંતી.

Joshi

મદદનીશ નિયામક (તાલીમ)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

વિભાગના તા.૨૮/૧૧/૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક-મકન/૧૩૨૦૧૪/૮૩૩૩૦૨/૨(૧)નું બિડાણ.

ઔ.તા.સંસ્થા / કચેરી માટે ખાનગી મકાન ભાડે રાખવા માટે કરવામાં આવતી દરખાસ્ત સાથે રજૂ કરવાનું ચેકલીસ્ટ તેમજ સંસ્થાના વડા અને નિયંત્રણ અધિકારીએ રજૂ કરવાનું પ્રમાણ પત્ર :

| ક્રમ | વિગત | પૂર્તતા |
|---|---|---|
| ૧ | મકાન ભાડે રાખનાર કચેરીનું નામ. . | |
| ૨ | મકાન ભાડે રાખવાનો હેતું. | |
| ૩ | મકાનનું ક્ષેત્રફળ (ચો.મી.) . | |
| ૪ | મકાન ભાડે રાખવાનો સમય-ગાળો (સ્પષ્ટ) | |
| ૫ | નોર્મ્સ મુજબ જરૂરી જગ્યાની વિગત. (ચો.મી) | |
| ૬ | મકાનમાં ઉપલબ્ધ જગ્યાની વિગત.(ચો.મી) | |
| ૭ | સરકારી મકાન અપ્રાપ્યતાનું ના.કા.ઈ. મા..અને મ.ની કચેરીનુ પ્રમાણપત્ર. | |
| ૮ | ના.કા.ઈ.મા..અને મ.ની કચેરીનુ વાજબી ભાડાનું પ્રમાણપત્ર | |
| ૯ | મકાનની માલિકી અંગેના પુરાવા.<br>પંચાયત કે નગરપાલિકાના સહી ,સિક્કા સાથેનું આકારણી પત્રક ફરજિયાત રજૂ કરવું. | |
| ૧૦ | પંચાયત કે નગરપાલિકા દ્વારા મંજૂર કરેલ મકાનના નકશાની પ્રમાણિત નકલ. | |
| ૧૧ | ભાડે રાખવાના મકાનનો ફોટોગ્રાફ. | |
| ૧૨ | મકાન ભાડે આપવા માલિકનો સંમતિપત્ર. | |
| ૧૩ | મકાન માલિક દ્વારા કરેલ ભાડા કરાર. | |
| ૧૪ | ભાડા કરારનો સમયગાળો સ્પષ્ટ દર્શાવવો. | |
| ૧૫ | જાહેર નિવિદાની નકલ. | |
| ૧૬ | જાહેર નિવિદા આપવામાં આવેલ ન હોય તો તે અંગેના સ્પષ્ટ કારણો. | |
| ૧૭ | જી.આઈ.ડી..સી. પ્લોટમાં મકાન હોય તો. આ સંસ્થાનું "ના-વાંધા પ્રમાણપત્ર" ફરજિયાત રજૂ કર્યા બાદ મકાન ભાડે સખવું. | |

| | | |
|---|---|---|
| ૧૮ | મકાન મંડળી/ટ્રસ્ટની માલિકીનુ હોય તો ભાડે આપવા અંગેની મંજૂરીના ઠરાવની નકલ. | |
| ૧૯ | સંસ્થા માટે પોતાનું સ્વતંત્ર મકાનના બાંધકામ માટે કોઇ આયોજન છે કે કેમ? આ હેતુસર કોઇ અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવેલ છે કે કેમ ? તેની વિગતો. | |

પ્રમાણ પત્ર :

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઔ.તા.સંસ્થા / કૌશલ્ય વર્ધક કેન્દ્ર / કચેરી .......માટે ભાડે રાખવા અંગેના મકાનના ભાડા માટેની દરખાસ્ત કરવા અંગેના ઉપરના પત્રકના કોલમ ૧ થી ૧૯ માં દર્શાવેલ વિગતોની મે જાતે ચકાસણી કરેલ જે તમામ સાચી છે. તેમજ ભાડે રાખેલ મકાનમાં પાણી , વીજળી તેમજ સંડાસ બાથરૂમની સગવડ ઉપલબ્ધ છે.

સંસ્થાના વડા

સંસ્થાનુ નામ /સરનામુ

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઔ.તા.સંસ્થા/ કચેરી, .........તરફથી ......... સંસ્થા, માટે ભાડે રાખેલ મકાનની મે જાતે રૂબરૂ મુલાકત લીધેલ છે. આ મકાનમાં પાણી , વીજળી તેમજ સંડાસ બાથરૂમની સગવડ ઉપલબ્ધ છે . ઉપરના પત્રકના કોલમ ૧ થી ૧૯ માં દર્શાવેલ વિગતોની મે જાતે ચકાસણી કરેલ જે તમામ સાચી છે. આ મકાન સંસ્થાની આજુબાજુના તાલીમાર્થીઓને સારી રીતે અનુકૂળ પડે તેવું હોઈ મકાન ભાડે રાખવાની હું ભલામણ કરું છું.

નાયબ નિયામક(તા)

પ્રાદેશિક કચેરી

કચેરી નામ /સરનામુ

<u>ખાસ નોંધ :-</u>

ભાડા કરારમાં કાયદા અનુસાર માન્ય રહે તેવી બન્ને પક્ષે યોગ્ય શરતો નિયત થયેલ હોવી જોઈએ. ભાડા કરારમાં એક તરફી શરતોનો સમાવેશ કરવામાં આવેલ જણાશે તો દરખાસ્ત માન્ય રહેશે નહીં તેમજ અધૂરી વિગતો સાથે કરવામાં આવેલ દરખસ્ત અસલમાં પરત કરવામાં આવશે. તેની નોંધ લેવી.